આજે રાજ્યની આઠ વિધાનસભાની બેઠકો પર મતદાન

૧૮.૭૫ લાખ મતદાતા પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે : અબડાસા, ધારી, લિબંડી, મોરબી, ધારી, ગઢડા, ડાંગ અને કપરાડા સીટ પર મતદાન યોજાશે : કોવિડના કારણે એક મતદાન મથકમાં ૧૫૦૦ની જગ્યાએ ૧ હજાર મતદારો મતદાન કરશે, કુલ ૮૧ ઉમેદવારો વચ્ચે ચૂંટણી જંગ

ગાંધીનગર,તા.૨

ગુજરાતમાં ચૂંટણી પ્રચાર થમી ગયો છે. આજે એટલે કે ૩ નવેમ્બરે ગુજરાતની ૮ વિધાનસભા સીટ પર પેટાચૂંટણી થનાર છે. મંગળવારે થનાર ચૂંટણી માટે કુલ ૧૦૨ નામાંકન દાખલ થયાં હતાં, જેમાંના ૨૧ નામાંકન અંતિમ દિવસે પાછા ખેચી લેવામાં આવ્યાં. આવી રીતે ૮૧ ઉમેદવારો હવે ચૂંટણી મેદાનમાં છે. આ ઉપરાંત ૫૨ અપક્ષ ઉમેદવારો પણ ચૂંટણી મેદાનમાં છે.

જે આઠ વિધાનસભા સીટ પર મતદાન થવાનું છે તેમાં કચ્છની અબડાસા, સુરેન્દ્રનગરની લિંબડી, મોરબી, અમરેલીની ધારી, બોટાદની ગઢડા, ડાંગ અને વલસાડની કપરાડા સીટ છે. હજી બે સીટ દ્વારકા અને મોરવા હડફ ખાલી પડી છે પરંતુ કોર્ટમાં મામલો લંબિત પડ્યો હોય આ બે સીટ પર ચૂંટણીની ઘોષણા થઈ શકી નથી.

આ સીટો પર ૧૮ લાખ ૭૫ હજાર ૦૩૨ મતદાતા છે, જેમાં ૯,૬૯,૮૩૪ પુરુષ અને ૯,૦૫,૧૭૦ મહિલાઓ અને ૨૮ થર્ડ ઝેન્ડર સામેલ છે. ૧૮૦૭ મતદાન સ્થળો પર ૩૦૨૪ કેન્દ્ર બનાવવામાં આવ્યાં છે. ભારતીય ચૂંટણી પંચના નિર્દેશાનુસાર પ્રત્યેક મતદાન કેન્દ્ર પર મહત્તમ ૧૫૦૦ મતદાતાઓને બદલે માત્ર ૧૦૦૦ મતદાતા સંખ્યા છે. મતદાન કેન્દ્રો પર ૪૧૯ માઈક્રો ઑબ્જર્વર છે. મતદાનના દિવસે નવ સો મતદાન કેન્દ્રોથી લાઈ વેબકાસ્ટિંગ થશે.

ખર્ચ નિરીક્ષણ માટે ૨૭ ફ્લાઈંગ સ્ક્વૉડ, ૨૭ સ્ટેટિક સર્વેલાંસ ટીમ બનાવવામાં આવી છે. સ્ટેટિક સર્વેલાંસ ઉપરાંત ૧૮ વીડિયો સર્વેલાંસ, ૮ વીડિયો વ્યુઈંગ ટીમ અને આઠ હિસાબી ટીમ અને ૮ સહાયક ખર્ચ નિરીક્ષક છે. ચૂંટણી ખર્ચ પર નિયંત્રણ ટીમ અને આબકારી અને નસાબંધી વિભાગે એક નવેમ્બર સુધી એક કરોડ રૂપિયાનો દારૂ જપ્ત કર્યો છે. જ્યારે ભરૂચમાં ૨૫ લાખ રૂપિયા જપ્ત કર્યા. જેની પોલીસ અને આવકવેરા વિભાગ તપાસ કરી રહી છે. કૉંગ્રેસ અને ભાજપ જેવા પ્રમુખ રાજનૈતિક દળોએ સામાન્ય સભાઓ અને ઘરે ઘરે જઈ મતદાતાઓને લોભાવવાની કોશિશ કરી. સાથે જ પ્રચાર માટે સોશિયલ મીડિયાનો પણ સહારો લીધો. આ વિધાનસભા પેટાચૂંટણીમાં જ્યાં કૉંગ્રેસે પોતાના સ્થાનિક નેતાઓને ચૂંટણી પ્રચારમાં ઉતાર્યા છે, ત્યાં જ ભાજપે મુખ્યમંત્રી, નાયબ મુખ્યમંત્રી ઉપરાંત મંત્રિમંડળના સભ્યો અને કેટલાય કેન્દ્રીય મંત્રીઓને પ્રચારમાં ઉતારી દીધા હતા.

- કુલ મતદારોની સંખ્યા ૧૮,૭૫,૦૩૨
- ૧૮૦૭ મતદાન સ્થળો પર મતદાન મથકો કરાયા તૈયાર
- હરીફ ઉમેદવારોની સંખ્યા ૮૧
- ૪૧૯ માઈક્રો ઓબ્ઝર્વર, ૩૨૪ સેક્ટર ઓફિસર, ૮ જનરલ ઓબ્ઝર્વર, ૮ ખર્ચ ઓબ્ઝર્વર નિમાયા
- ૯૦૦ મથકોએથી લાઈવ વેબકાસ્ટ કરાશે
- ૩૪૦૦થી વધુ થર્મલ ગનથી મતદારોનું ચેકિંગ
- સ્ટાફ-મતદારો માટે મોટા ફેસ શિલ્ડ, ફેસ માસ્ક, પીપીઈ કિટ્સની વ્યવસ્થા કરાઈ.

નવા સેકટરોમાં દિવાળી ટાંણે પણ અંધારપટ્ટ : સેકટરવાસીઓ ત્રાહીમામ

સે-૩ સી અને સે - ૫ ડી માં લાંબા સમયથી લાઇટો ડુલ : સાંજ ઢળતા જ અંધારુ છવાઇ જતા રહીશોને તસ્કરીનો ભય

ગાંધીનગર તા ૨

શહેરના સેકટરોમાં સ્ટ્રીટ લાઇટો ડુલ રહેતી હોવાની ફરિયાદો આમ નાગરિકોના રોષનુ કારણ બની છે. શહેરમાં અગાઉ વરસાદી પાણીના નિકાલની લાઇનને અનુલક્ષીને હાથ ધરાયેલ ખોદકામના લીધે મહીનાઓ સુધી લાઇટો ડુલ રહી હતી જો કે કેટલાક ઠેકાણે હજુ પણ કેબલનુ જોડાણ અપાયુ ન હોવાનો આક્રોશ પણ નાગરિકો ઠાલવી રહ્યા છે. જયારે સે-૩ સી અને સે-૫ ડી માં છેલ્લા ઘણાં સમયથી લાઇટો બંધ હોવાના લીધે સાંજ ઢળતા જ અંધારપટ્ટ છવાઇ જાય છે. જેના લીધે દિવાળીના તહેવાર ટાંણે પણ સેકટરોમાં અંધારુ છવાયેલુ જોવા મળે છે.

શહેરના સેકટરોમાં સ્ટ્રીટ લાઇટો ડુલ રહેતી હોવાની ફરિયાદો વિશેષ ઉઠવા પામે છે. દિવાળીના તહેવારના દિવસો નજીકમાં છે ત્યારે હજુ પણ સેકટરોમાં મોટાભાગની લાઇટો ડુલ હોવાની ફરિયાદો સેકટરવાસીઓના રોષનુ કારણ બની છે. શહેરના નવા સેકટરોમાં વરસાદી પાણીના નિકાલની લાઇનનુ કામ ચાલુ હોવાના લીધે આમ પણ મહીનાઓ સુધી સેકટરોના રીંગ રોડ પર અંધારપટ્ટ છવાયેલો હતો. જયારે હજુ પણ સેકટરોમાં સ્ટ્રીટ લાઇટનુ અજવાળુ પથરાયુ નથી. નવરાત પર્વ દરમિયાન પણ સેકટરોમાં અંધારપટ્ટ સ્થાનિકો માટે ભયજનક બન્યો હતો. જયારે હવે દિવાળી પર્વની સાથે ઠંડીના દિવસો શરૂ થઇ ગયા છે. આવા સંજોગોમાં સાંજ ઢળતા જ વાતાવરણમાં ઠંડક પ્રસરી જાય છે. જયારે રાત્રિના સમયે પણ સુનકાર જોવા મળે છે. આવા સંજોગોમાં લાઇટો બંધ રહેતી હોવાથી નાગરિકો ગમે ત્યારે તસ્કરીનો ભોગ બને તેવો ભય પણ સતાવી રહ્યો છે. શહેરના સેકટરોમાં લાઇટો બંધ હોવાના મામલે તંત્ર પણ ઓન સ્ક્રીન સર્વે કરી ફરિયાદોનો નિકાલ કરતુ હોવાનો દાવો કરે છે. પરંતુ છેલ્લા કેટલાક સમયથી ફરિયાદોનુ નિરાકરણ આવતુ નથી. સેકટરવાસીઓ ફરિયાદ કરીને પણ થાકી ગયા છે. સે-૩ સી માં પણ સોસાયટીની અંદરના વિસ્તારમાં લાઇટો ડુલ જોવા મળે છે. આ ઉપરાંત સે- ૫ માં પણ આંતરિક માર્ગો પર લાઇટો ડુલ હોવાની ફરિયાદોનુ લાંબા સમયના અંતે નિરાકરણ આવ્યુ નથી. સે-૫ ડી થી એ માં જવાના માર્ગ પર લાંબા સમયથી અંધારુ છે. સેકટરવાસીઓએ આ મામલે અનેકવાર રજુઆત કરી છે. આમછતા કોઇ પગલા લેવાતા નથી. સ્થાનિકોની રજુઆત મુજબ દિવાળી સહીતના તહેવારો નજીકમાં છે. આમ છતા સેકટરમાં અંધારાનુ સામ્રાજય છે. કોર્પોરેશનનુ તંત્ર મુખ્યમાર્ગોની સુંદરતા નિખારવામાં વ્યસ્ત છે. ત્યારે સેકટરોના આંતરિક વિસ્તારમાં દુવિધાઓથી રહીશો ત્રસ્ત છે.

બાળપણ શોધતા બાળકો - આપણા દેશની દિકરી ચાંદ ઉપર પહોંચી, પાયલટ બની રાફેલ પણ ઉડાડ્યુ અને પેડલ રિક્ષા પણ ચલાવે છે. એક દિકરી પોતાના બે નાના ભાઈને સાથે રાખી પેડલ રિક્ષા ફેરવી રોજી રોટી શોધી રહી છે. આ તસ્વીર સત્ય હકીકત દર્શાવી રહી છે કે ભણતર અને સંસ્કાર લેવા ની ઉંમરે આજનુ બાળપણ ક્યાં ખોવાઈ ગયુ છે.સરકારની યોજનાઓની એક સામાન્ય નાગરિકને કેટલી પહોંચે છે તે દર્શાવે છે. (આ તસવીર સેક્ટર-૨૮ જીઆઈડીસી વિસ્તારની છે)

સેકટરોના આંતરિક માર્ગો પર ગાબડા પુરવા માટે તંત્ર કામે લાગ્યુ

વરસાદી પાણીના નિકાલની લાઇનના ખોદકામને અનુલક્ષી સેકટરોના આંતરિક માર્ગો પર ઠેર ઠેર ખાડા ટેકરા જોખમી બન્યા હતા

ગાંધીનગર તા ૨

શહેરના સેકટરોમાં આંતરિક માર્ગો પર સ્ટોર્મ વોટર લાઇનની કામગીરીને અનુલક્ષી તંત્રએ ખોદકામ કરીને માર્ગો પણ ઉબડ ખાબડ કરી દીધા છે. સેકટરોમા ખાડા ટેકરાની સ્થિતિ વચ્ચે માર્ગ સલામતી પણ જોખમાઇ છે. આ જોખમી સ્થિતિ નિવારવા માટે સેકટરવાસીઓએ અનેવાર રજુઆત કરી હતી. જેને અનુલક્ષી તંત્રએ સેકટરોના આંતરિક માર્ગા પરના ગાબડા પુરવાનુ કામ હાથ ધર્યુ છે.

શહેરના સેકટરોમાં વરસાદી પાણીના નિકાલની લાઇનુ કામ હાથ ધરાયા બાદ ઠેર ઠેર ખાડા પડી ગયા છે. જેમાં માર્ગ વચાળે પણ ખોદકામ કરવામાં આવ્યુ હોવાના લીધે સેકટરોના

● અનુસંધાન પાન-૭ પર

નવમીથી ખાસ મતદાર યાદી સુધારણા ઝુંબેશ

ઝુંબેશ માટે ગાંધીનગરના ઓબ્ઝર્વર તરીકે અવંતિકાસિંઘ ઔલખની નિમણુંક

ગાંધીનગર, તા. ૨

નવમી નવેમ્બરથી રાજયભરમાં પેટાચૂંટણીઓ સિવાયના વિસ્તારમાં મતદાર યાદી સુધારણાનું અભિયાન હાથ ધરવામાં આવશે.

કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા જાન્યુઆરીમાં સુધારેલી મતદારયાદીને પ્રાથમિક પ્રસિદ્ધિ કરવામાં આવશે. ચૂંટણી પંચે આજે આ ઝુંબેશ અંગેના આયોજનની જાહેરાત કરી છે.

આ ઝુંબેશમાં દિપાવલી પર્વ સંપન્ન થયા બાદ ૨૨, ૨૯ નવેમ્બર તેમજ ૬ અને ૧૩ ડિસેમ્બરના રોજ ખાસ ઝુંબેશ પણ હાથ ધરવામાં આવશે જેમાં તે દિવસે દરેક બુથ પર બુથ લેવલ ઓફિસર સવારે ૧૦ થી ૬ હાજર રહી નવા મતદારોની નોંધણી સહિતની કામગીરી કરશે.

દર વર્ષે ચૂંટણી પંચ દ્વારા મતદાર યાદી નોંધણીની ઝુંબેશ હાથ ધરાય છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ ૩ મહિના માટે મોકુફ રહી છે ત્યારે આ મતદારયાદી સુધારણા ઝુંબેશનું રાજકીય મહત્વ વિશેષ હોય છે. આ માટે રાજકીય પક્ષો દ્વારા પણ

● અનુસંધાન પાન-૭ પર

શહેરમાં ૧૫ નવા કેસ : ૧૮ને ડિસ્ચાર્જ

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના વધુ ૧૫ કેસ નોંધાયા છે. આ સાથે શહેરમાં કોરોનાના દર્દીઓની સંખ્યા ૧૯૦૦ ના આંકને પાર કરી ગઈ છે. શહેરમાં કોરોનાના દર્દીઓની સંખ્યા ૧૯૦૩ થઈ છે.

આજે પણ સાત મહિલા દર્દીઓના નામ સંક્રમિતોની યાદીમાં હોવાથી તંત્રની ચિંતા વધી રહી છે. મહિલા દર્દીઓની સંખ્યા જે રીતે વધી રહી છે તે ચિંતાનો મુદ્દો બની ઉભરી આવેલ છે.

શહેરમાં આજે પણ મોટા ભાગના દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. શહેરમાં જે રીતે કેસોની સંખ્યા વધી રહી છે અને તેમાંય હોમ આઈસોલેશનના દર્દીઓની સંખ્યા વધતાં તંત્રની કામગીરીના ભારણમાં વધારો થવા પામ્યો છે.

શહેરમાં આજે સે. ૨૧ માંથી ૨, સે. ૨૫ માંથી ૨ ઉપરાંત સે. ૧૫, ૧૩, ૭, ૩, ૬, ૩૦, ૨૭, ૨૨, ૨૬, ૯ અને સે. ૧૨ માંથી પણ કેસો મળી આવ્યા છે.

શહેરના લગભગ તમામ ખુણાઓમાંથી કેસો મળી રહ્યા છે. શહેરમાં કન્ટેનમેન્ટ ઝોનની સંખ્યા પણ વધી રહી છે. શહેરમાં ક્વોરોન્ટાઈન હેઠળ રખાયેલ લોકોની સંખ્યા ૧૫ હજારથી વધુ હોવાનું જાણવા મળેલ છે. માઈક્રો કન્ટેનમેન્ટ ઝોનને કારણે શહેરમાં કન્ટેનમેન્ટ ઝોનની સંખ્યા વધુ હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

સે. ૧૫ માંથી એક એથ્લેટનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

સે. ૧૩ માંથી ગાંધીનગર પોલીસમાં ફરજો બજાવતા ૩૦ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સે. ૭ માંથી પોલીસભવનમાં એસઆરપીમાં ફરજો બજાવતા ૫૪ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૨૧ માંથી આજે બે કેસ મળી આવ્યા છે. ૪૮ વર્ષીય ગૃહીણી અને ૫૩ વર્ષીય રેલવેમાં એન્જીનીયર તરીકે નોકરી કરતા પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્નેએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૩ માંથી ૭૪ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સે. ૬ માંથી ૭૫ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સે. ૩૦ માંથી ૫૪ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ત્રણેય દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૨૭ માં રહેતા અને જેનરિક દવાઓના જથ્થાબંધ વેપારી તરીકે ધંધો કરતા ૫૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સે. ૨૨માં રહેતા ૪૮ વર્ષીય ખેડૂતનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૨૫ માંથી આજે બે કેસ મળી આવ્યા છે. ખાનગી કંપનીમાં સિનીયર મેનેજર તરીકે નોકરી કરતા ૪૨ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત કડી સ્કૂલમાં શિક્ષક તરીકે નોકરી કરતા ૫૭ વર્ષીય શિક્ષિકનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. બન્નેએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૨૬ માંથી ૫૫ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સે. ૯ માંથી ૪૯ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત સે. ૧૨ માંથી ૬૪ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ત્રણેય મહિલા દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

શહેરમાં હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકારનાર દર્દીઓની સંખ્યા ૧૫૦ પર પહોંચી છે.

શહેરમાં રિકવરી રેટ સારો છે અને આજે વધુ ૧૮ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

શહેરમાં આજે સે. ૨૧ માંથી ૨, સે. ૨૫ માંથી ૨ ઉપરાંત સે. ૧૫, ૧૩, ૭, ૩, ૬, ૩૦, ૨૭, ૨૨, ૨૬, ૯ અને સે. ૧૨ માંથી પણ કેસો મળી આવ્યા

સામાન્ય સભાના બે પ્રસ્તાવોનો પ્રતિશેધ કરાતાં રાજકીય ગરમાવો આવ્યો

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લા પંચાયતની સામાન્ય સભાએ મંજૂર કરેલા બે પ્રસ્તાવોનો વિકાસ કમિશનર દ્વારા પ્રતિશેધ કરવામાં આવતાં જિલ્લાના રાજકારણમાં ગરમાવો આવ્યો છે.

મળતી વિગતો પ્રમાણે ડીડીઓ સામે દંડનીય કાર્યવાહી કરી માસિક રૂ. ૧ નો દંડ કરવાનો પ્રસ્તાવ સામાન્ય સભાએ કર્યો હતો. એ વેળાએ જ જિલ્લા વિકાસ અધિકારીએ તમને આવી સત્તા નથી માટે પ્રસ્તાવ રજુ ના કરવો જોઈએ તેમ જણાવ્યુ હતુ પંરતુ રાજહઠે

● અનુસંધાન પાન-૭ પર

VEHICLES FOR SALE

Following Vehicles are for Sale on as is where is basis.

Sr. No	Make	Registration No	Year of Registration	Minimum Base Value
1	TOYOTA INNOVA 2.5 G 8 STR	GJ-18-AM-7451	2011	2,75,000.00
2	MARUTI SUZUKI SX4 P ZXI	GJ-18-AC-8986	2009	90,000.00
3	TATA 207 (UTILITY) DI SX	GJ-18-AU-4242	2011	60,000.00
4	TATA 207 (UTILITY) DI SX	GJ-18-AU-4264	2011	65,000.00
5	HERO KARIZMA	GJ-18CA-9085	2012	3,000.00

Interested parties may inspect the vehicles at the parking space of GSPL Bhavan at given below address during 11.00 am to 5.00 pm on any working day. The offers for purchase of vehicle / vehicles may be submitted in a sealed cover with (EMD) Earnest Money Deposit of Rs. 5,000/- (Five Thousand Only) for HMVs for each vehicle and Rs. 1,000/- (One Thousand Only) for Two Wheeler by Demand Draft in favour of "Gujarat State Petronet Limited" payable at "Gandhinagar" to be submitted at following address latest by 5:00 pm on or before **10/11/2020. Bidders should quote value which is higher than the Minimum Base Value mentioned in the table.** The bidders are requested to mention **"Offer for Purchase of Vehicle"** on top of the sealed cover for identification.The EMD shall be forfeited if the bidder 1) gives any wrong / false information / documents while submitting the bid or 2) withdraw the bid during the bid validity period or 3) being the successful bidder, fails to purchase the vehicle for whatever reason within the specified time limit.The company reserves its right to reject any or all the offers without assigning any reason.

Gujarat State Petronet Limited
GSPL Bhavan, Plot No. E-18, GIDC Electronic Estate,Nr. K-7 Circle, Sector-26, Gandhinagar - 382028.

અંજલિ

દેવેન્દ્રભાઈ ડુંગાણી

નથી છતાંય હયાત છો, એમ હંમેશા લાગ્યા કરે છે...
આપની હાજરીનો આભાસ હંમેશા રહ્યા કરે છે...
કહેવાયેલી વાતોના ભણકારા હંમેશા વાગ્યા કરે છે...
યાદોમાં આપના દર્શન હંમેશા થયા કરે છે...
પ્રભુ આપના આત્માને ચિરશાંતિ અર્પે એ જ પ્રાર્થના...

બળવંતરાય શુક્લ
(નિવૃત્ત આચાર્ય, સેક્ટર-૨૮ પ્રાથમિક શાળા)
પંકજકુમાર બળવંતરાય શુક્લ
(ડીરેક્ટર, ગાંધીનગર દૂધ વાપરનારાઓની સહકારી મંડળી
નિલાબેન મુકેશભાઈ શુક્લ
(કોર્પોરેટર, ગાંધીનગર મહાનગરપાલિકા)
મુકેશભાઈ બળવંતરાય શુક્લ
(બ્રહ્મસમાજ અગ્રણી, ગાંધીનગર)

છઠ્ઠી વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

સ્વ. બાબુભાઈ મંગળભાઈ પરમાર
સ્વ. તા. ૩/૧૧/૨૦૧૪ (ગામ - બોરીજ)

યાદ આવશે તમારી... અને બે આંસુ પાડી લઈશું...!! એવું કરીને, મનને મનાવી લઈશું ! જોઈને તસ્વીર તમારી, હિંમત અમે મેળવી લઈશું... એવું કરીને જિંદગીના આ પડકારો જીલી લઈશું. જ્યારે જરૂર પડશે, તમારી હૂંફની, તસવીરની સામે માથું ટેકવી લઈશું...!
'પપ્પા' અમારી જિંદગીમાં ક્ષણે ક્ષણ તમોને જીવી લઈશું.
એવું કરીને અમે અમારા મનને મનાવી લઈશું.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના...

લી.
પુષ્પાબેન બાબુભાઈ પરમાર (પત્ની)
ચેતના (પુત્રી) સમીરકુમાર (જમાઈ)
ટ્વિંકલ (પુત્રી) નિરવ (પુત્ર)

જિલ્લામાં વધુ ૧૫ કેસ નોંધાયા

ગાંધીનગરમાં ૭, દહેગામ-કલોલમાં ૪-૪ કેસ : જિલ્લામાં ૨૩૮૮ દર્દીઓ કોરોનામુક્ત થયા : ૧૫૧ એક્ટીવ કેસ

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી આજે કોરોનાના વધુ ૧૫ કેસ મળી આવ્યા છે. ગ્રામીણ વિસ્તારમાં કોરોનાના કેસોમાં સતત ચડાવ-ઉતાર જોવા મળી રહ્યો છે જેને લઈ તંત્ર પણ ચિંતીત છે.

જિલ્લામાં ગ્રામીણ વિસ્તારમાં જે રીતે કેસો વધી રહ્યા છે તેને લઈ તંત્રએ હવે સોશિયલ ડિસ્ટન્સીંગ તેમજ ફરજીયાત માસ્કના નિયમનું કડક અમલીકરણ થાય તે જોવા માટે સૂચનાઓ આપી છે.

જિલ્લામાં ગાંધીનગરમાંથી ૭, દહેગામમાંથી ૪ અને કલોલમાંથી ૪ કેસ મળી આવ્યા છે. માણસા તાલુકામાંથી આજે કેસ નહિ નોંધાતા તંત્રએ થોડીક રાહત જરૂર અનુભવી છે. ગ્રામીણ વિસ્તારમાં પણ હવે દર્દીઓ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કરી રહ્યા હોવાથી તંત્રની કામગીરી વધી જવા પામી છે. મોટી વયના દર્દીઓ તેમજ મહિલા દર્દીઓની વધતી જતી સંખ્યાથી પણ તંત્ર ચિંતાતુર છે.

ગાંધીનગરના વાવોલ ગામેથી ૩૦ વર્ષીય ખાનગી નોકરી કરતા યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. યુવાને હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. કોટેશ્વર ગામે કોરોનાએ પુનઃ હાજરી પુરાવી છે. ૧૯ વર્ષના યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે અને તેને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

કુડાસણ ગામેથી આજે પણ વધુ ૩ કેસ મળી આવ્યા છે. આજે એક જ પરિવારમાંથી આ ૩ કેસ મળી આવ્યા છે. માતા-પુત્ર અને દાદીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ૪૦ વર્ષીય માતા, ૧૯ વર્ષીય

● અનુસંધાન પાન-૭ પર

હવે ગાંધીનગરમાં અદ્યતન સુવિધાઓથી સજ્જ ડી-માર્ટ પાસે, સેક્ટર-૨૬ માં
સરમાઉન્ટ મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલ
EMERGENCY 24 HOURS SERVICE

સુવિધાઓ
- આઈ.સી.યુ.ની સુવિધા
- 2D Echo
- અત્યાધુનિક સુવિધા સજ્જ મોડ્યુલર ઓપરેશન થીએટર-૨
- હાઈ ફ્રિક્વન્સી એક્સ-રે મશીન
- સ્પેશ્યલ, જનરલ રૂમની સુવિધાઓ
- એમ.એલ.સી. (પોલીસ કેસ) લેવામાં આવશે
- મેડીક્લેઈમ તથા કેશલેસ ની સુવિધા

ઉપલબ્ધ સારવાર

ઓર્થોપેડિક વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. વિરલ આર. પ્રજાપતિ (ઓર્થોપેડિક સર્જન) ડૉ. હાર્દિક આર. પટેલ (ઓર્થોપેડિક સર્જન)
● ગંભીર ફ્રેક્ચર તથા એક્સીડેન્ટ કેસની તાત્કાલિક સારવાર ● આધુનિક પદ્ધતિથી ઘૂંટણ (Knee), થાપા (Hip)ના સાંધા બદલવાના ઓપરેશન

સર્જરી વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. ખ્યાતિ પટેલ MS, General & Laparoscopy Surgeon
● દુરબીનથી હર્નીયા, એપેન્ડીક્ષ, પિત્તાશયની પથરી તથા ગર્ભાશયની કોથળીનું ઓપરેશન
● હરસ, મસા, ભગંદર, સારણગાંઠ અને પેટના તમામ ઓપરેશન તથા કેન્સરના તમામ પ્રકારના ઓપરેશન

મેડીસીન વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. નીતિ ડી. ભીમાણી, MD (Medicine)
● હૃદયનો હુમલો (Heart Attack), શ્વાસ તેમજ ગભરામણની તાત્કાલિક સારવાર, ખેંચ-ફીટ (Fits), લકવો તેમજ ઝેર પીધા (Poison) અને ઝેરી સાપ કરડ્યા (Snake Bite)ની તાત્કાલિક સારવાર ઉપલબ્ધ

પ્લાસ્ટિક સર્જરી વિભાગ (ફુલ ટાઈમ)
ડૉ. કુમાર મેહતા MS MCH, Plastic Surgeon
● ગાંધીનગરનું સૌ પ્રથમ હેર ટ્રાન્સપ્લાન્ટ સેન્ટર ● હેર ટ્રાન્સપ્લાન્ટ, દાઢી-મૂંછમાં હેર ટ્રાન્સપ્લાન્ટ, આઈબ્રો હેર ટ્રાન્સપ્લાન્ટ ● અકસ્માતથી ચહેરા પર વાગેલી જગ્યા પર ડાઘ ઓછા દેખાય/ન દેખાય તે માટે પ્લાસ્ટિક સર્જરી, ચહેરાના હાડકાંના ફ્રેક્ચરની સર્જરી

કાન, નાક, ગળા વિભાગ
(દર મંગળવાર, શુક્રવાર, બપોરે ૩:૦૦ થી ૫:૦૦)
ડૉ. આશીલ માણાવદરીયા MS ENT
● કાનની રસી, પડદામાં કાણું, કાનની બુટ સાંધવાનું ઓપરેશન તથા કાનના તમામ રોગોનું નિદાન તથા સારવાર

ન્યુરો સર્જરી વિભાગ (દર બુધવાર, બપોરે ૩ થી ૫)
ડૉ. કેતન પટેલ MS MCH, Neuro Surgeon
● મગજની ગાંઠ, હેમરેજ (સ્ટ્રોક)ના ઓપરેશન તથા મગજને લગતા તમામ ઓપરેશન

For Appointment : Mo. : 84698 80550

OPD Time : સોમ થી શનિ : સવારે ૧૦:૦૦ થી ૧:૦૦, સાંજે ૫:૦૦ થી ૮:૦૦.
આર-૧૬, ડી-માર્ટની પાછળ, ગ્રીનસીટી, સેક્ટર-૨૬, ગાંધીનગર. મો. ૮૪૬૯૮ ૮૦૫૫૦
કેપિટલ ઓફસેટ-ગાંધીનગર. રમેશભાઈ પટેલ-મો. ૯૮૨૫૦૩૮૩૭૮

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી** : કૃષ્ણકાન્ત જહા. **ફોન** : ૨૩૨૨૫૭૧, **ફેક્સ** : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com